## * ના કરે

### પંચમ શુક્લ

બુધ્ધિશાળી જણ કદી બળ ના કરે,
નેક પણ જો હોય તો છળ ના કરે.

દૂરની મીઠી નજર પર્યાપ્ત છે,
સૂર્ય સાથે પ્રીત ઝાકળ ના કરે.

યક્ષ ખાતર કાલિદાસે જે કહ્યું,
એવું વારંવાર વાદળ ના કરે.

ઉમ્રભર એ રણ મહીં તરસે ભલે,
જળ પીવાની વાત મૃગજળ ના કરે.

મેઘથી સંતૃપ્ત જો ના હો ધરા,
ખેડની શરૂઆત પણ હળ ના કરે.

વૃક્ષની ડાળી કપાતી જોઇને,
ફૂટવાનું બંધ કૂંપળ ના કરે.

સ્પર્શથી દમયંતીનાં, જીવતાં થતાં-
મત્સ્યનું ભોજન કદી નળ ના કરે.

સ્ત્રી-પુરુષનાં દ્વૈતમાં અદ્વૈત એ,
કોઇની તરફેણ વ્યંઢળ ના કરે.

સર્વનું બંધન બને સાથે રહી,
એ કડીને મુક્ત સાંકળ ના કરે.

ખ્વાબ ખૂલે ત્યાં ગુલાબી ઘેનમાં,
અહીં કશો રોમાંચ સળવળ ના કરે.

બેઉ પાંપણ પર ભલે પ્હેરો ભરે,
રોશનીને કેદ કાજળ ના કરે.

હા, ખુદાને બંધ પુસ્તકમાં કરે,
આપખુદ સંવાદ કાગળ ના કરે.

થઇ શકે તો માત્ર બિરદાવે હવે,
એક પણ નબળાઇ આગળ ના કરે.

ના ખબર જો હોય તો એ ચૂપ રે',
એ ઉતાવળમાંય અટકળ ના કરે.

એ પ્રવાસી છે સ્વયંનો હરપળે,
એ કશે સહવાસ બે-પળ ના કરે.

જે રમતમાં હાર જેવું હોય નઇ,
એ રમત ખુદનેય નિષ્ફળ ના કરે.

લંડન, જુલાઇ ૨૦૦૫, * કવિ શ્રી ચિનુ મોદી ને અર્પણ

### ગઝલ, ચિનુ મોદી

વાયુને હંફાવવા બળ ના કરે,
એ સુગંધી છે, કદી છળ ના કરે.

પુષ્પ પર ડાઘો પડે એ બીકથી,
જીવવાની જીદ ઝાકળ ના કરે.

સ્વપ્નને સંકેલવાની બાબતે,
ઊંઘતો માણસ ઉતાવળ ના કરે.

ખૂબ ઘેરી ને ગહન છે લાગણી,
એ ઝરણની જેમ ખળખળ ના કરે.

ક્રોધ તો કરતો નથી ઈર્શાદ પણ,
ના ગમે તો વાત આગળ ના કરે.